# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-03-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## લોકસભા અધ્યક્ષને હટાવવાની માંગને ધ્વની મતથી ફગાવી દેવાઈ:

**લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને હટાવવાની વિરોધ પક્ષની માગના પ્રસ્તાવને ગઈકાલે ગૃહમાં ધ્વનિમતથી ફગાવી દેવાયો. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકસભાના અધ્યક્ષને હટાવવાની માગ કરતા વિરોધ પક્ષના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો હતો. તેમણે વિરોધ પક્ષ દ્વારા લોકસભાના અધ્યક્ષની નિષ્ઠા પર ઉઠાવાયેલા પ્રશ્નને દુર્ભાગ્યપૂર્ણ ગણાવતા કહ્યું, લગભગ ચાર દાયકા બાદ લોકસભા અધ્યક્ષ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લવાયો છે.**

**--------------------------------------------------------------------------------------------**

## રસોઈ ગેસની અવિરત આયત સુનિશ્ચિત કરવા ખાત્રી :

**ભારત પેટ્રોલિયમ નિગમ લિમિટેડે સરકારે રસોઈ ગેસની સરળ અને અવિરત આયાત સુનિશ્ચિત કરવા તમામ પ્રયાસો કરી રહી હોવાની ખાતરી આપી.. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં કંપનીએ જણાવ્યું હતું કે વર્તમાન ભૂ-રાજકીય પરિસ્થિતિ અને આયાતને અસર કરતી નાકાબંધીને કારણે, રસોઈ ગેસનું વ્યાપક વિતરણ સુનિશ્ચિત કરવા માટે ઉપલબ્ધ પુરવઠાને કાળજીપૂર્વક નિયંત્રિત કરવામાં આવી રહ્યું છે.**

**--------------------------------------------------------------------------------------------**

## કેબિનેટ બેઠક-ગેસની અછત નહી સર્જાય જેથી અફઓ પર ધ્યાન ન આપવા અપીલ:

સરકારે સ્પષ્ટતા કરી છે કે રાજ્યમાં ગેસની અછત નહીં સર્જાય. ગેસની અછત અંગે કોઇપણ અફવા તરફ ધ્યાન ન આપવા સરકારે લોકોને અપીલ કરી છે. આ અંગે કેબિનેટમાં થયેલી વિસ્તૃત ચર્ચાની વિગતો આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતું કે રાજ્યમાં ગેસની કોઇ અછત ન સર્જાય તે માટે રાજ્ય સરકારે આગોતરુ આયોજન કર્યું છે. ગઈકાલે મળેલી કેબિનેટની બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગેની માહિતી આપતા તેમણે કહ્યું હતું કે કોર્મિશયલ એકમ માટે 80 ટકા ગેસ મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરાઇ છે. કેબિનેટની બેઠકમાં તુવેરના ટેકાની ખરીદી થઇ રહી હોવાનું તેમજ ચણા અને રાંયડાની ખરીદી ટુંક સમયમાં શરૂ થશે તેમ પણ માહિતી આપી હતી.. ઉનાળાના સમયમાં રાજ્યમાં પાણીનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે. અને પાણીની કોઇ સમસ્યા ન સર્જાય તેના માટે સરકાર સતર્ક હોવાનું પણ પ્રવક્તા મંત્રીએ જણાવ્યુ હતું.

---

## ભુમિ સીમાંકન:

રાજ્યના પ્રમોલગેશન થયેલા ગામોની માપણીની ક્ષતિ સુધારણા માટે સમગ્ર રાજ્યમાં એક સમાન પદ્ધતિ અને આયોજનબદ્ધ નિકાલ ભૂમિ સીમાંકનથી કરાશે. રાજ્ય સરકારે લીધેલા આ નિર્ણય અનુસાર જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લાઓમાં ભૂમિ સીમાંકન સમિતિ કાર્યરત થશે તેવો નિર્ણય કરાયો છે..પ્રમોલગેશન બાદ આવેલી ક્ષતિ સુધારણા અરજીઓના આયોજનબદ્ધ નિકાલ માટે સાત કેટેગરી નિયત કરવામાં આવી છે. ક્ષતિ સુધારણાના જટિલ પ્રશ્નોના ત્વરિત નિવારણ માટે મોબાઈલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમિતિ નિયમ અનુસાર કાર્યવાહી કરી નિવારણ લાવશે તેમ પણ નક્કી કરાયું છે.

---

## જિલ્લાના આરોગ્ય સંકલન સમિતિની બેઠક:

જિલ્લામાં આરોગ્ય વિષયક સેવાઓને વધુ સુદૃઢ બનાવવા જિલ્લા આરોગ્ય સંકલન સમિતિ તથા ટોબેકો કંટ્રોલ સ્ટીયરિંગ કમિટીની બેઠક મળી હતી. આ બેઠકમાં કલેક્ટર આનંદ પટેલે બાળ અને માતા મરણનાં કારણો, સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં પ્રસૂતિની સંખ્યા, રસીકરણ કાર્યક્રમ, સંચારી રોગો અને બિન સંચારી રોગો (એનસીડી), વેકટર બોન ડિસીઝ મેલેરિયા અને ડેન્ગ્યુ અટકાયતી પગલા, સબસેન્ટર, પી.એચ.સી., સી.એચ.સી., એસ.ડી.એચ.માં નિયમિત સાફ સફાઈની કામગીરી, નેશનલ બ્લાઇન્ડ કંટ્રોલ પ્રોગામ, એચપીવી રસીકરણ, ટીબી મુક્ત ભારત અભિયાન, એચઆઇવી, પીએમજેએવાય, બ્લડ સ્ટોરેજ અને તેની ઉપલબ્ધતા વિ. કામગીરીની સમીક્ષા કરી હતી. જિલ્લાનાં બાળકોનાં સ્વાસ્થ્યની પ્રાથમિક આરોગ્ય તપાસણીથી લઈને સારવાર સુધીની કામગીરીની સમીક્ષા કરીને ચશ્માની જરૂરિયાતવાળા બાળકોની સમયસર તપાસ થાય અને ચશ્મા મળે તે માટે સૂચના અપાઇ હતી. પીવાના પાણીના ક્લોરિનેશન સહિતની કામગીરી ઝડપથી કરવા તથા મચ્છર ઉપદ્રવ નિયંત્રણ માટે ફોગીંગ કામગીરી અને અન્ય પગલાઓ લેવા સૂચના અપાઇ હતી.

---

## નખત્રાણા નગર પાલિકા ચુંટણીનો ધમધમાટ:

જિલ્લા-તાલુકા પંચાયતોની સ્થાનિક સ્વરાજ્યની યોજાનારી આગામી ચૂંટણીની તૈયારીઓ માટે ધમધમાટ જોવા મળી રહ્યો છે, ત્યારે નખત્રાણા તાલુકાના તાલુકા મથક નખત્રાણાની નગરપાલિકાની પણ મુદ્દત પૂર્ણ થતાં આ પાલિકાના સાત વોર્ડની **28** બેઠક માટે, જ્યારે જિલ્લા પંચાયતની ચાર અને તાલુકા પંચાયતની અગાઉ **20**માંથી બે ઘટયા બાદ **18** બેઠકની ચૂંટણી યોજાશે. જિલ્લા પંચાયતમાં નેત્રા, નિરોણા, કોટડા (જ.) અને વિથોણ જ્યારે તાલુકા પંચાયતની **18** બેઠક પૈકી નવ સ્ત્રી અનામત, પાંચ સામાન્ય, એક અનુ. જાતિ, એક અનુ. આદિજાતિ, બે સામાજિક શૈક્ષણિક પછાતવર્ગ સહિતના ઉમેદવારો ચૂંટણી લડશે.

---

<u>હવામાન:</u>

સરહદી જિલ્લા કચ્છમાં અત્યારથી જ આકરી ગરમી પડી રહી છે. હવામાન વિભાગે ગુરુવાર સુધી મહત્તમા તાપમાન **42** ડિગ્રી સૅલ્સિયસ સુધી પહોંચવાની આગાહી કરી છે. તેને જોતા આજે  યલો અલર્ટ જાહેર કરાયું છે. સાથે જ લોકોને પણ સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.ગઈકાલે ભુજ ખાતે **39.4** ડિગ્રી, અંજાર-ગાંધીધામ **39.7**, કંડલા બંદર **39** ડિગ્રી મહત્તમ ઉષ્ણતામાન નોંધાયુ હતું. મધ્યાહને આકરા તાપ અને ઉકટાળ વચ્ચે  ઘરની બહાર નીકળવા લોકોએ ટાળ્યુ હતું. હવામાન વિભાગે  હિટ વેવની સાથે  વોમનાઈટની  ચેતવણી જાહેર કરી છે.

---